For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વડાપ્રધાન આજે વડોદરામાં

35,200 કરોડથી વધુના વિકાસકાર્યોની ભેટ આપશે

વડોદરા : વડાપ્રધાન નરેન્દ્ર મોદી 8 સપ્ટેમ્બરે વડોદરાની મુલાકાતે આવી રહ્યા છે. યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે યોજાનારા કાર્યક્રમમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના 35,200 કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને ફ્લેગ ઑફ કરવામાં આવશે. તેમાં કેન્દ્ર સરકારના 32,606 કરોડથી વધુ અને રાજ્ય સરકારના 2,597 કરોડથી વધુના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. વડોદરા માટે ખાસ મહત્વના ભારતીય રેલવેના 30,766 કરોડથી વધુના પ્રોજેક્ટ્સમાં વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (WDFC)ના ત્રણ વિભાગોનું લોકાર્પણ થશે. 20,703 કરોડના ખર્ચે તૈયાર થયેલા ન્યૂ સાણંદ-ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમરગામ-ન્યૂ સફાળે અને ન્યૂ સફાળે-ન્યૂ JNPT વિભાગો કુલ 326 કિ.મી. લાંબા છે. સાથે જ વડોદરા-રતલામ વચ્ચે 259 કિ.મી.ના ત્રીજા અને ચોથા રેલવે ટ્રેકના 8,885 કરોડના કામનું ખાતમુહૂર્ત થશે. વડોદરાના શહેરી વિકાસને વેગ આપતા 916 કરોડથી વધુના 8 પ્રોજેક્ટ્સ પણ કાર્યક્રમમાં સામેલ છે. તેમાં 523.59 કરોડના ખર્ચે વડોદરા રિંગ રોડના બીજા તબક્કાનું ખાતમુહૂર્ત તથા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની નવી કચેરીના નિર્માણનો સમાવેશ થાય છે. VUDAની હદમાં પૂર્વ વિસ્તારનાં 11 ગામો માટે 203.77 કરોડની પાણી પુરવઠા માળખાકીય સુવિધાઓનું લોકાર્પણ થશે. ભાયલી ટી.પી.-3 અને ટી.પી.-4માં પાણીની સુવિધાઓ, આજવા સરોવર ખાતે 150 MLD ક્ષમતાના પોન્ટૂન, શહેરના વિવિધ જંક્શનો પર સ્ટોર્મ વોટર ડ્રેનેજ તથા PMAY હેઠળ EWS આવાસો સહિતના પ્રોજેક્ટ્સનું પણ લોકાર્પણ કરવામાં આવશે. વડોદરા સાથે સંકળાયેલા NHAIના 1,840 કરોડથી વધુના પ્રોજેક્ટ્સમાં NH-48 પર કંડારી ચોકડી અને લુવારા પાટિયા ખાતે 59.90 કરોડના ખર્ચે તૈયાર થયેલા છ માર્ગીય ફ્લાયઓવરનું લોકાર્પણ થશે. તાપી અને નર્મદા નદી પરના મુખ્ય પુલ સહિતના માળખાં તથા કામરેજ-ચલથાણ છ માર્ગીય કેરેજવેના કામનું ખાતમુહૂર્ત પણ થશે. આ ઉપરાંત વડોદરા અને સુરતમાં 94.58 કરોડના ટ્રાન્સમિશન સિસ્ટમ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ થશે. વડોદરા ખાતે યોજાનારા આ કાર્યક્રમ બાદ વડાપ્રધાન નવસારીની મુલાકાત લેશે.

યુનિવર્સિટી ગ્રાઉન્ડના કાર્યક્રમમાં વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે

VMC ખાતે રિવ્યુ મીટિંગ બાદ અધિકારીઓ ગ્રાઉન્ડ ઝીરો પર પહોંચ્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી વડોદરા પ્રવાસને લઈને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. વડાપ્રધાનના કાર્યક્રમને અનુલક્ષીને વડોદરા મહાનગરપાલિકા ખાતે ઉચ્ચ અધિકારીઓની એક વિશેષ રિવ્યુ મીટિંગ યોજાઈ હતી. આ બેઠકમાં વડાપ્રધાનના પ્રવાસ દરમિયાન સુરક્ષા વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા સમગ્ર શહેર અને રૂટ પર સ્વચ્છતાની સ્થિતિ અંગે બારીકાઈથી સમીક્ષા કરવામાં આવી હતી.રિવ્યુ મીટિંગ પૂર્ણ થયા બાદ અધિકારીઓની ટીમ તાત્કાલિક અસરથી ગ્રાઉન્ડ ઝીરો પર પહોંચી હતી. તંત્ર દ્વારા વડાપ્રધાન જે રૂટ પરથી પસાર થવાના છે તે સમગ્ર માર્ગ પર વિશેષ સાફ-સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરને સ્વચ્છ અને સુશોભિત બનાવવા માટે પાલિકા દ્વારા વિશેષ ટીમો તૈનાત કરીને કામગીરી તેજ કરી દેવામાં આવી છે.બીજી તરફ, વડાપ્રધાનના મુખ્ય કાર્યક્રમ સ્થળ એટલે કે વેન્યુ ગ્રાઉન્ડ ખાતે પણ તૈયારીઓ આખરી ઓપ લઈ રહી છે. વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓએ ગ્રાઉન્ડ પર પહોંચીને કાર્યક્રમ માટે તૈયાર થઈ રહેલા મુખ્ય સ્ટેજ, રેમ્પ તથા નાગરિકો અને મહાનુભાવો માટેની બેઠક વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું.

'કોર્પોરેટ લુક' સાથે યોજાશે હાઈટેક સરકારી કાર્યક્રમ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડોદરા પ્રવાસને લઈને સમગ્ર સંસ્કારી નગરી વડોદરા ઉત્સાહ અને ભવ્ય તૈયારીઓથી સજ્જ થઈ ગઈ છે. એરપોર્ટથી લઈને પેવેલિયન મેદાન સુધીના સમગ્ર રૂટ અને શહેરના મુખ્ય માર્ગો તેમજ સર્કલોને આકર્ષક રોશની અને સુશોભનથી શણગારવામાં આવ્યા છે. વડાપ્રધાનના સ્વાગત માટે પાલિકા અને તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. વડાપ્રધાનના આ પ્રવાસ નિમિત્તે શહેરમાં ખાસ સાત દિવસનું સઘન સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ અંતર્ગત રસ્તાઓ, શાળા-આંગણવાડીઓ તેમજ તળાવોની સફાઈ કરવામાં આવી છે. શહેરના મુખ્ય માર્ગો પર "સ્વચ્છતા જ સેવા" અને "સ્વચ્છતાથી સ્વાગત"ના સંદેશ આપતા વિવિધ થીમ આધારિત બેનરો અને હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા છે. બુઢા સર્કલ ખાતે કચરાના વ્યવસ્થાપન માટે ઉપયોગમાં લેવાતા ડોર-ટુ-ડોર વાહનોનું પણ પ્રદર્શન ગોઠવીને સર્કલને આકર્ષક રીતે ડેકોરેટ કરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનરના જણાવ્યા અનુસાર, 'સેવાથી સ્વાગત' અભિયાન હેઠળ શહેર અને જિલ્લાના ૧ લાખથી વધુ લાભાર્થીઓને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો સીધો લાભ પહોંચાડવામાં આવ્યો છે.

વડોદરાનું પોલીસ તંત્ર એલર્ટ મોડમાં

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૮ સપ્ટેમ્બરના વડોદરા આગમનને લઈને શહેર પોલીસ તંત્ર સંપૂર્ણપણે એલર્ટ મોડમાં આવી ગયું છે. વડાપ્રધાનના કાફલાની સુરક્ષામાં કોઈ કચાશ ન રહે તે માટે એરપોર્ટથી કાર્યક્રમ સ્થળ સુધીના સમગ્ર રૂટનું સઘન નિરીક્ષણ કરી સુરક્ષા વ્યવસ્થાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આજે પોલીસ અને વિવિધ સુરક્ષા એજન્સીઓ દ્વારા સમગ્ર રૂટ પર ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા સાથે રિહર્સલ હાથ ધરાયું હતું.વડાપ્રધાનના સંભવિત કાફલા રૂટ પર પોલીસ અધિકારીઓએ મહત્વના પોઈન્ટ, જંક્શન તેમજ આસપાસના વિસ્તારોની ચકાસણી કરી હતી.વડાપ્રધાનના આગમનને લઈ ડ્રોનથી સમગ્ર વિસ્તારનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનની સુરક્ષાને લઈને વિશ્વામિત્રી નદીમાં પણ ખાસ સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું.

અરજદારને હેરાન ન કરવા અને જામીનની કાર્યવાહી ઝડપી કરવા લાંચ માગી હતી

૩.૧૦ હજારના લાંચ કેસમાં તત્કાલીન PSI તથા ASIની જામીન અરજી નામંજૂર

સરકાર તરફથી DGP અનિલ દેસાઈ દ્વારા ધારદાર દલીલો કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

શહેરના માંજલપુર પોલીસ સ્ટેશનમાં અરજદારને હેરાન ન કરવા અને તેની જામીનની કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવા માટે રૂ.10 હજારના કેસમાં આરોપી તત્કાલીન PSI મલ્લીકાબેન ખીમજીભાઈ પરમાર તથા એ.એસ.આઈ જય કિશન ગામેતી દ્વારા કરાઈ હતી. આ સમગ્ર કેસમાં સરકાર તરફથી DGP અનિલ દેસાઈએ સરદાર દલીલો કરી હતી.

જેને ધ્યાનમાં રાખીને રેગ્યુલર જામીન અરજી કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી છે. અરજદાર વિરુદ્ધ માંજલપુર પોલીસ સ્ટેશનમાં 1 જૂન, 2026ના રોજ ગુનો નોંધાયો હતો. આ ગુનાની તપાસ PSI મલ્લીકાબેન પરમાર કરી રહ્યા હતા. તપાસ દરમિયાન અરજદાર હેરાન ન કરવા તેમજ જામીનની કાર્યવાહી ઝડપી પૂર્ણ કરવા માટે રૂ.10 હજાર લેવાનું નક્કી થયું હતું. અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી ACBનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ તા.27 જૂનના રોજ માંજલપુર પોલીસ સ્ટેશન નજીક ભાવના ઝેરોક્ષની દુકાન સામે મુખ્ય રોડ પર ટ્રેપ ગોઠવવામાં આવ્યો હતો. આ દરમિયાન PSI મલ્લીકાબેન વતી લાંચની રકમ સ્વીકારવા માટે આરોપી જયકિશન ગામેતીને જણાવાયું હોવાનો કેસમાં ઉલ્લેખ છે.

ટ્રેપ દરમિયાન સ્વિફ્ટ કારના ડેશબોર્ડ પર રૂ.10 હજાર મુકાવી લાંચ સ્વીકારવામાં આવી હતી. આ કેસમાં તત્કાલીન PSI મલ્લીકાબેન ખીમજીભાઈ પરમાર અને તત્કાલીન ASI જયકિશન સોમાજી ગામેતી ધરપકડ કરીને જેલ ભેગા કરી દેવામાં આવ્યા હતા.

તત્કાલીન PSI મલ્લીકાબેન પરમાર તથા એ.એસ.આઈએ નિયમિત જામીન માટે અરજી કરી હતી.જામીન અરજીની સુનાવણી દરમિયાન સરકાર તરફથી DGP અનિલ એમ. દેસાઈએ આરોપોની ગંભીરતા અને કેસની પરિસ્થિતિ અંગે દલીલો કરી હતી. દલીલો બાદ કોર્ટે મલ્લીકાબેન પરમાર જય કિશન ગામેતીની નિયમિત જામીન અરજી રદ કરવાનો હુકમ કર્યો છે.

હોટેલ-ઘરમાં રાખી વારંવાર દુષ્કર્મ ગુજારતા ચકચાર

લગ્નની લાલચ આપી સગીરા સાથે દુષ્કર્મ, પિતા-પુત્રની ધરપકડ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં 17 વર્ષની સગીરાને લગ્ન કરવાની લાલચ આપી યુવક પોતાની સાથે લઈ ગયો હોવાની અને ત્યારબાદ હોટેલ તેમજ ઘરે તેની સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હોવાની ગંભીર ફરિયાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી. કપુરાઈ પોલીસે યુવક સહિત તેના પિતા સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તરસાલીમાં રહેતો દીપ વિશાલભાઈ બર્મન સગીરાને પોતાની બાઈક પર બેસાડી લઈ ગયો હતો. ત્યારબાદ નેશનલ હાઈવે-48 પર તરસાલી બ્રિજ નજીક આવેલી હોટેલ તેમજ પોતાના ઘરે લઈ જઈ સગીરાને લગ્ન કરવાની ખાતરી આપી હતી.

આ દરમિયાન આરોપીએ સગીરા સાથે વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. ઘટનાની જાણ સગીરાના પરિવારજનોને થતાં તેઓએ આરોપી યુવક અને તેના પિતા વિશાલભાઈનો સંપર્ક કર્યો હતો. આ સમયે બંનેએ પરિવારજનોને ધમકી આપી હતી.

સમગ્ર મામલે પરિવારજનોએ કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલોસે ફરિયાદના આધારે પોલીસે દીપ બર્મન અને તેના પિતા વિશાલભાઈની ભારતીય ન્યાય સંહિતા (BNS), 2023ની વિવિધ કલમો તથા POCSO એક્ટ હેઠળ ધરપકડ કરાઈ હતી. પોલીસે સગીરાનું નિવેદન સહિતના પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી શરૂ કરી છે.

ઓવરસ્પીડ અને સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા સર્જાયો અકસ્માત

છાણી બ્રિજ પર આઈસર ટ્રક ડિવાઈડર પર ચડી ગઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭

શહેરમાં દિનપ્રતિદિન માર્ગ અકસ્માતોની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે, ત્યારે વધુ એક ચોંકાવનારી ઘટના વડોદરાના વ્યસ્ત છાણી બ્રિજ પર સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, છાણી બ્રિજ પર પૂરપાટ ઝડપે જઈ રહેલી એક આઈસર ટ્રકના ચાલકે સ્ટેરિંગ પરથી અચાનક કાબુ ગુમાવી દેતા વાહન સીધું બ્રિજની વચ્ચે આવેલા ડિવાઈડર પર ચડી ગયું હતું. પ્રત્યક્ષદર્શીઓ અને સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, ઓવરસ્પીડ આ અકસ્માતનું મુખ્ય કારણ બન્યું હતું. ભારે વાહનોના ચાલકો દ્વારા કોઈપણ પ્રકારની જવાબદારી કે સાવધાની રાખ્યા વિના વાહનો હંકારવામાં આવતા હોવાથી નિર્દોષ નાગરિકોના જીવ જોખમાઈ રહ્યા છે. જો કે આ અકસ્માતમાં સદનસીબે

કોઈ મોટી જાનહાનિના સમાચાર નથી, પરંતુ ટ્રાફિક વ્યવહારને થોડા સમય માટે અસર પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ આસપાસથી મોટી સંખ્યામાં લોકટોળાં ઘટનાસ્થળે એકત્ર થઈ ગયાં હતાં. શહેરમાં ભારે વાહનોની બેફામ ગતિ અને ટ્રાફિક નિયમોના પાલન અંગે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે.

દિલ્હી PG દુર્ઘટના, વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા શોક માર્ચ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭

દિલ્હીના સત્ય નિકેતન વિસ્તારમાં જર્જરિત પીજી બિલ્ડિંગ ધરાશાયી થવાથી થયેલા વિદ્યાર્થીઓના કરુણ મોતને લઈને વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સોમવારે સાંજે ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા ખાતે શોક માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માર્ચમાં કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોએ જોડાઈને દિવંગત વિદ્યાર્થીઓને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને તંત્રની બેદરકારી સામે રોષ વ્યક્ત કર્યો હતો. વડોદરા કોંગ્રેસ દ્વારા તંત્ર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, પ્રચાર અને કાર્યક્રમો કરતાં દેશના વિદ્યાર્થીઓના જીવ વધુ મહત્વના છે. સરકાર વિકાસની મોટી મોટી વાતો કરે છે, પરંતુ જો વિદ્યાર્થીઓ માટેના રહેઠાણો જ સુરક્ષિત ન હોય તો આવા વિકાસના દાવાઓનો કોઈ અર્થ નથી. તેમણે ઉમેર્યું હતું કે વડોદરા સહિતના શહેરોમાં અનેક જૂની અને જોખમી ઈમારતો તથા પીજી ચાલુ છે.

વિઝા નહીં કરાવી આપતા અને રૂપિયા પરત ન કરવા સહિત બે ગુનામાં નાસતા ફરતો હતો

કેનેડા-ઓસ્ટ્રેલિયાના વિઝાના બહાને રૂ.૩૬.૬૦ લાખથી વધુ પડાવનાર ઝબ્બે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭

વિદેશમાં વર્ક પરમિટ વિઝા અપાવવાના નામે લોકોને લાખો રૂપિયાનો ચૂનો લગાવનાર અને પોલીસથી બચવા નાસતો ફરતો રીઢો આરોપી આખરે વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચના હાથે ઝડપાયો છે. જેતલપુર રોડ પરથી શંકાસ્પદ હાલતમાં મળી આવેલા રક્ષિત ગૌતમભાઈ પટેલની તપાસ કરતા અમદાવાદના સોલા તથા મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે ઠગાઈના ગુનામાં તે વોન્ટેડ હોવાનું બહાર આવ્યું હતું. સોલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આરોપીએ અન્ય સાગરીત સાથે મળી યુવકને કેનેડાનાશવર્ક પરમિટ વિઝા અપાવવાનું કહી વિશ્વાસમાં લીધો હતો. વિઝા માટે રૂ.23 લાખ જેટલો ખર્ચ થશે તેમ જણાવી ટુકડે-ટુકડે

રોકડ અને RTGS મારફતે રૂ.22.20 લાખ તથા 2,184 કેનેડિયન ડોલર મેળવી લીધા હતા. જોકે, ત્યારબાદ વર્ક પરમિટ વિઝા કરાવી આપ્યો નહોતો કે રૂપિયા પરત કર્યા નહોતા. બીજા ગુનામાં આરોપીએ સાગરીત કિશન પટેલ સાથે મળી યુવક અને પત્નીને ઓસ્ટ્રેલિયાના કપલ વર્ક વિઝા અપાવવાની લાલચ આપી હતી. અલગ-અલગ હપ્તામાં રૂ.14.40 લાખ મેળવી બનાવટી વિઝા તૈયાર કરી સાચા તરીકે આપ્યા હતા. રૂપિયા પરત માંગતા રૂ.1.35 લાખ પરત આપ્યા હતા, પરંતુ બાકીના રૂ.13.05 લાખ પરત કર્યા નહોતા. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચની ટીમ નાસતા ફરતા આરોપીઓની શોધમાં પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન જેતલપુર રોડ પરથી રક્ષિત પટેલ મળી આવ્યો હતો. તપાસમાં બંને ગુનામાં તેની સંડોવણી અને ધરપકડ ટાળવા ફરતો હોવાનું સામે આવતા સોલા પોલીસની ટીમે તેનો કબજો મેળવી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા મુજબ રક્ષિત પટેલ વિદેશ જવાના વિઝાના નામે રૂપિયા મેળવી છેતરપિંડી કરવાની પ્રવૃત્તિમાં અગાઉ પણ સંડોવાયેલો રહ્યો છે.

રૂ.૨ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરાયો

માંજલપુર-અટલાદરા પોલીસની જુગાર પર રેડ,૧૩ ખેલી ઝડપાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭

વડોદરા શહેરમાં તહેવારોને ધ્યાનમાં રાખીને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે માટે પોલીસ દ્વારા પેટ્રોલિંગ અને કોમ્બિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. દરમિયાન માંજલપુર અને અટલાદરા પોલીસે અલગ અલગ જગ્યા પર ચાલતા જુગાર પર રેડ કરી હતી પોલીસને જોઈને જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી પરંતુ 13 થેલી ઝડપાઈ ગયા હતા. પોલીસે બંને કેસમાં રોકડ રકમ, મોબાઇલ, ઓટોરિક્ષા સહિત રૂ.2 લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો છે. માંજલપુર પોલીસની સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન મળેલી બાતમીના આધારે મકરપુરા જીઆઈડીસીની બ્રીટ્યુબ કંપનીની ગલી તથા માંજલપુર ગામ તલાટી ઓફિસ પાસે ખુલ્લા ગ્રાઉન્ડમાં દરોડા પાડવામાં આવ્યા હતા. બંને સ્થળેથી જુગાર રમતા આઠ ખેલી પરેશ સાધુ, તીરથ સોલંકી, જગદીશ તડવી, વિપુલ ઉર્ફે બાબર પરમાર, જય ઉર્ફે જયલો પરમાર, વિકાસ ઉર્ફે ડોજો કટારા, રવિ ઉર્ફે વ્રજ ભરાવા અને રોહિતસિંહ જાધવને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રૂ.21,350 રોકડા, પાંચ મોબાઈલ ફોન, એક ઓટોરિક્ષા મળી રૂ.1.63 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. બીજી તરફ અટલાદરા પોલીસની કોમ્બિંગ નાઈટ દરમિયાન ખિસકોલી સર્કલ પાસે ગુલાબી વુડાના મકાનોમાં રામદેવપીરના મંદિર સામે ખુલ્લી જગ્યાએ જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે દરોડો પાડી રમાશંકર કુશવાહ, બાબુરામ કુશવાહ, રામબિહારી કુશવાહ, માખનસિંહ કુશવાહ અને પુલાદસીગ કુશવાહને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી દાવ પરના તથા અંગઝડતીના રોકડા રૂપિયા મળી રૂ.37 હજારનો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

કરૂણાંતિકા કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતા કામદારોની સુરક્ષા સામે સવાલો ઉઠ્યા : એક યુવક વેન્ટિલેટર પર

GSFCના યુરિયા પ્લાન્ટમાં ગેસ ગળતર,યુવાનનું મોત

પરિવારજનોમાં આક્રોશ, ન્યાય અને વળતરની માંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરાની જાણીતી જીએસએફસી કંપનીના યુરિયા પ્લાન્ટમાં ગેસની અસરથી એક આશાસ્પદ યુવાનનું કરુણ મોત નિપજ્યું છે, જ્યારે અન્ય એક યુવકની હાલત અતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. બીજી તરફ કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતા કામદારોની સુરક્ષા સામે સવાલો ઉઠાવી પરિવારજનોએ ન્યાય અને વળતરની માંગ કરી હતી. મળતી માહિતી મુજબ, યુરિયા પ્લાન્ટમાં કામ દરમિયાન એક યુવાન ગેસની અસરથી મુશ્કેલીમાં મુકાયો હતો. તેને બચાવવા માટે અન્ય યુવકો મદદે દોડી ગયા હતા. આ દરમિયાન ગેસની અસર થતાં બે યુવકો ગંભીર રીતે અસરગ્રસ્ત થયા હતા. આ ગંભીર ઘટનામાં ઘનશ્યામ ગોહિલનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે કોયલીના કેયુર પરમાર નામના અન્ય યુવકને ગેસની ગંભીર અસર થતાં તાત્કાલિક શ્રીજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો

હતો, જ્યાં તેની હાલત નાજુક હોવાના કારણે તેને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ શ્રીજી હોસ્પિટલ ખાતે મૃતક ઘનશ્યામ ગોહિલ અને સારવાર લઈ રહેલા કેયુર પરમારના પરિવારજનો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા. પરિવારજનોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. મૃતકની પત્ની કલાબેન ગોહિલ સહિત પરિવારજનોએ સમગ્ર ઘટનાની યોગ્ય અને નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને પરિવારને ન્યાય સાથે યોગ્ય વળતર આપવામાં આવે તેવી માંગ કરી છે. મળતી માહિતી મુજબ, મૃતક સહિતના યુવાનો પિનાકીન પટેલ કોન્ટ્રાક્ટર હેઠળ જ્યોતિ એન્જિનિયરિંગના કોન્ટ્રાક્ટમાં કામ કરતા હતા. ઘટનાને પગલે કોન્ટ્રાક્ટ પર કામ કરતા કામદારોની સુરક્ષા, પ્લાન્ટની સલામતી વ્યવસ્થા અને મેન્ટેનન્સ કામગીરીને લઈને ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. કામદારોનું કહેવું છે કે કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતા કર્મચારીના પરિવારને યોગ્ય વળતર આપવામાં આવે અને સમગ્ર ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ કરી જવાબદારી નક્કી કરવામાં આવે.

સ્ક્રીન ચાલુ થતાં SBI ક્રેડિટ કાર્ડમાંથી બેંગલુરુની કંપનીના ખાતામાં ટ્રાન્ઝેક્શન થયું

સિસ્ટમ અપડેટના નામે મોબાઈલ હેક કરી ઠગે ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૧ લાખ ટ્રાન્સફર કર્યાં

એન્ડ્રોઇડ સિસ્ટમ અપડેટ નો મેસેજ આવે તો ચેતી જજો ઠગો આ રીતના મોબાઈલ હેક કરે છે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭

મોબાઈલમાં અચાનક ડિસ્પ્લે બંધ થઈ જાય અને થોડીવાર બાદ સ્ક્રીન પર એન્ડ્રોઇડ સિસ્ટમ અપડેટ જેવું લખાણ દેખાય તો કોઈપણ વ્યક્તિ તેને સામાન્ય સિસ્ટમ અપડેટ જ માને. પરંતુ વડોદરાના કપુરાઈ વિસ્તારમાં રહેતા 59 વર્ષીય નોકરીયાત માટે આ અપડેટ ભારે પડી ગયું હતુ. મોબાઈલમાં ત્રણ કલાક સુધી કોઈ કામગીરી ન થઈ અને મોબાઈલ સામાન્ય થતાં તપાસ કરી તો તેમના SBI ક્રેડિટ કાર્ડમાંથી રૂ.1 લાખનું અજાણ્યું ટ્રાન્ઝેક્શન થઈ ચૂક્યું હોવાનું સામે આવ્યું હતુ. મતલબ ભાગે મોબાઈલ હેક કરીને તેમના ક્રેડિટ કાર્ડ માંથી રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા. કપુરાઈ ચોકડી પોલીસ ચેકપોસ્ટ પાસેની સોસાયટીમાં રહેતા પ્રફુલચંદ્ર ચરણદાસ પટેલ (ઉ.વ.59) પ્રતાપનગરની સુરેશ ફાર્મસીમાં નોકરી કરે છે અને મોબાઈલમાં SBI YONO એપ્લિકેશનનો ઉપયોગ કરે છે. તા.18 ઓગસ્ટની રાત્રે આશરે 10 વાગ્યે તેઓ ઘરે મોબાઈલનો ઉપયોગ કરી રહ્યા હતા. ત્યારે અચાનક ડિસ્પ્લે બંધ થઈ ગઈ હતી. થોડા સમય બાદ સ્ક્રીન પર અંગ્રેજીમાં એન્ડ્રોઇડ સિસ્ટમ અપડેટ જેવું લખાણ દેખાયું હતું. મોબાઈલ બંધ કરવાનો પ્રયાસ કરવા છતાં તે બંધ થયો નહોતો અને આશરે ત્રણ કલાક સુધી મોબાઈલમાં કોઈ કામગીરી કરી શકાઈ નહોતી. બાદમાં મોબાઈલ સામાન્ય રીતે ચાલુ થતાં પટેલે શંકાના આધારે SBI ક્રેડિટ કાર્ડ કસ્ટમર કેરનો સંપર્ક કરી કાર્ડ બ્લોક કરાવ્યું હતું. ત્યારબાદ YONO એપ્લિકેશનમાં તપાસ કરતાં રૂ.1 લાખનું અજાણ્યું ટ્રાન્ઝેક્શન થયેલું જોવા મળ્યું હતુ. શરૂઆતમાં YONO એપમાં ટેમ્પરરી ક્રેડિટ દેખાતા તેમને રકમ પરત મળી હોવાનું લાગ્યું હતું. જોકે, તા.28 ઓગસ્ટે ફરી YONO એપ્લિકેશન ડાઉનલોડ કરી ક્રેડિટ કાર્ડની સ્થિતિ તપાસતા એએસએસપીએલ બેંગલુરુ ખાતે રૂ.1 લાખ ડેબિટ થયેલું હોવાનું સામે આવ્યું હતું. આ અંગે તેમણે તાત્કાલિક 1930 સાયબર હેલ્પલાઈન પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.સમગ્ર મામલે કપુરાઈ પોલીસે અજાણ્યા ઠગો વિરુદ્ધ રૂ.1 લાખની સાયબર છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મોબાઈલમાં દેખાડવામાં આવેલા નકલી સિસ્ટમ અપડેટના બહાને ઠગોએ કેવી રીતે ક્રેડિટ કાર્ડની વિગતોનો દુરુપયોગ કર્યો તે દિશામાં પણ તપાસ હાથ ધરાઈ છે.